
## જન્મદિને વધામણી


શકુંતલાબેન મહેન્દ્રલાલ શાહ
ફોન : ૨૩૨૨૯૪૪૭


હાર્દિક રાઠોડ


પાર્થ રસિકભાઈ પટેલ
મો. ૯૭૨૩૦ ૧૩૫૦૧


હેત્વી રાજેન્દ્રભાઈ પટેલ


નવ્યા
આશિષકુમાર જોષી
મો. ૯૭૨૨૫ ૧૬૦૨૧

### રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે

# શાળા કક્ષાની એકાંકી નાટ્ય સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શાળા કક્ષાની એકાંકી નાટ્ય સ્પર્ધા તાજેતરમાં ગાંધીનગર શહેરમાં યોજવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સૅક્ટર-૨૧ના ઑડિટોરિયમમાં આયોજિત આ નાટ્ય સ્પર્ધામાં ૧૧ શાળાઓએ ભાગ લીધો હતો, જે પૈકી શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલને પ્રથમ, ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલને દ્વિતિય અને શ્રીમતી આર જી પટેલ કન્યા વિદ્યાલયને તૃતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત થયું હતું.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે નગરના સિનિયર નાટ્યકાર અપ્સર સૈયદ, સુરેશ પારઘી અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે સંગીત નાટક અકાદમીનાં આસીસ્ટન્ટ ડિરેક્ટર કૃપાબેન રાવલે આવકાર પ્રવચન આપ્યું હતું અને અંતે આભાર દર્શન આસીસ્ટન્ટ ઍજ્યુકેશન ઈન્સ્પૅક્ટર પંકજ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સ્પર્ધામાં ભાગ લેનારી શાળાઓ-નાટકો**

પ્રેરણા વિદ્યાલય (વંદે માતરમ), શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ (ગાંધી ચોરાયો), શ્રીમતી આર જી પટેલ કન્યા વિદ્યાલય (સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત), ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ (કૌન ગાંધી), ઍસ પી જાની માતંગી વિદ્યાલય (ગાંધીજી : એક યાત્રા), શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય (અસ્પૃશ્યતા), સરસ્વતી શિશુ મંદિર (ચોરી અનો પશ્ચાતાપ), શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ (નિયત સે બનતી હૈ નિયતી), શાંતિનિકેતન માધ્યમિક વિદ્યાલય (ગાંધીજી કી આત્મકથા), માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ (શું વિચાર્યું અને શું થયું), પ્રેમધારા સ્કૂલ (ગાંધીજીનો સ્વચ્છતાનો ઉદ્દેશ).

## નવોદિત યુવા સાહિત્યકારો માટે ગીત લેખન કાર્ય શિબિર

ગાંધીનગર, તા. ૧૮

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ગીત લેખન કાર્ય શિબિરમાં જોડાવા માંગતા હોય તેવા યુવા સાહિત્યકારો માટે ગીત લેખન કાર્ય શિબિર યોજાનાર છે. આ કાર્ય શિબિરમાં ખ્યાતનામ સાહિત્યકારોની રાહબરી હેઠળ સુરત ખાતે ગીત લેખન કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવનાર છે. જે યુવક-યુવતીઓની ઉમર તા.૩૦/૧૨/૨૦૧૮ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની મર્યાદા હોય અને આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા યુવા સાહિત્યકારોએ www.sycad.gujarat.gov.in વેબસાઈટ પરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી જેમાં સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પૂરાવા સાથે જિલ્લા રમત-ગમત અધિકારી, પ્રથમ માળ, જુની સીવીલ કોર્ટ બિલ્ડીંગ, નાનપુરા, સુરત શહેરને તા.૩૦/૦૯/૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે, એમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનરશ્રીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયા અનુસાર મળેલ અરજીઓમાંથી યોગ્યતા ધરાવતા ૨૫ નવોદિત યુવા શિબિરાર્થીઓની પસંદગી કરવામાં આવશે.

પસંદ થયેલ શિબિરાર્થીઓને જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી, પ્રથમ માળ, જુની સીવીલ કોર્ટ બિલ્ડીંગ, નાનપુરા, સુરત શહેર (ફોન નંબર : ૦૨૬૧-૨૪૬૫૮૦૮ ઈ-mail dsosuratcity35@gmail.com દ્વારા પત્ર /મોબાઈલ /ઈ-મેઈલથી જાણ કરવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીઓને રાજય સરકારશ્રી દ્વારા નિવાસ/ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે તેમજ શિબિર સ્થળ સુધી આવવા-જવાનો પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે. આ માટે કોઈ પત્ર વ્યવહાર કરવો નહી, એમ વધુમાં જણાવાયું છે.

### આગામી ૭-૮ ઑક્ટોબરના રોજ

## ટૉપ ઍજ્યુકેશન દ્વારા ટૉપ ઑલમ્પિયાડ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર સંસ્થા ટૉપ ઍજ્યુકેશન દ્વારા સતત ૧૨મા વર્ષે ગાંધીનગર ટૉપ ઑલમ્પિયાડ સ્કૉલરશીપ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દર વર્ષે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે રૂપિયા બે લાખ સુધીનાં રોકડ ઈનામો તેમજ રૂપિયા ૧૦ લાખ સુધીની સ્કૉલરશીપ ટૉપ ઍજ્યુકેશન દ્વારા આપવામાં આવે છે.

બાળકોમાં 'નીટ' અને 'જેઈઈ' જેવી રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે દઢતા-જાગૃતિ આવે અને તેમનો આંતરિક વિકાસ થાય તે ઉદ્દેશથી યોજાતી આ ટેસ્ટમાં ધોરણ-૫થી ૧૧ સુધીના સીબીઍસઈ અને જીઍસઈબીના અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. રોકડ ઈનામોની સાથે સાથે દરેક વિષયમાં સૌથી વધુ માર્કર્સ લાવનાર વિદ્યાર્થીઓને મૅથ્સ, સાયન્સ અને ઈંગ્લિશ તથા મૅન્ટલ ઍબિલિટીમાં સબ્જેક્ટ જીનિયસનું બિરૂદ તથા મૅડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. પરીક્ષા દરમિયાન સ્ટેટ અને નૅશનલ લેવલની ઑલમ્પિયાડ તેમજ 'જેઈઈ' અને 'નીટ'ના સંદર્ભમાં વિશેષ સૅમિનારનું આયોજન કરી માર્ગદર્શન આપવાનું પણ આયોજન છે.

આ વખતે ટૉપ ઑલમ્પિયાડ તા. ૭ અને ૮ ઑક્ટોબરના રોજ યોજાઈ રહી છે.

સંસ્થાના ડિરેક્ટર મનીષભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ માટે અભ્યાસસહાય પ્રાપ્ત કરવાનો આ સુવર્ણ અવસર છે, જેનો લાભ ભૂતકાળમાં અનેક વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક લઈ ચૂક્યા છે અને પોતાની કારકિર્દી ઘડી ચૂક્યા છે. આ વખતે પણ એવા જ ઉત્સાહથી આ પરીક્ષામાં ભાગ લેવા તેમણે શહેર-જિલ્લાના વિદ્યાર્થીઓને ઈજન આપ્યું છે.

આ અંગેની વધુ વિગતો માટે મોબાઈલ નં. ૯૯૯૮૫ ૩૬૫૦૭, ૮૪૦૧૫ ૫૪૪૦૫ અથવા ૭૪૯૦૦ ૩૬૫૦૭ દ્વારા સંસ્થાનો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

## આર ઍન પટેલ સ્કૂલમાં ઓઝોન ડેની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૮

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ દ્વારા ઓઝોન ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થિની માહિ રાઠોડ અને કૃણાલી દેસાઈએ ઓઝોન પડમાં થતા નુકસાનથી સજીવ સૃષ્ટિ અને પર્યાવરણ પર થતી અસર વિશે માહિતી આપી. જેમાં જીવંત સૃષ્ટિના અસ્તિત્વ માટે ઓઝોન પડની ખૂબ અગત્યની ભૂમિકા છે, આ પડમાં નુકશાન રસાયણ ક્ષેત્રે થયેલા માનવીય વિકાસ તેમજ પ્રદૂષણને કારણે થઈ રહી છે, તેનાથી બચવા માનવે શું કરવું તેની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ ઉજવણી નિમિત્તે ક્વિઝ, પોસ્ટર, સ્લોગન અને વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



શહેરમાં સૅક્ટર-૬ ખાતે કાર્યરત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ ખાતે 'બાળકોની સાઈકોલૉજીને સારી રીતે જાણવા' બાબતે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિસ્કૂલનાં સ્થાપક ગિરા ચૌધરીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે પૂનમ જોશી અને ઍલ્વિશ દ્વારા 'તમારા બાળકને સારી રીતે જાણો' વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. બાળકોની સમસ્યા ક્લાસ ઍટેન્શન, હાઈપર ઍક્ટિવનેસ, મોટિવેશન જેવા મુદ્દાઓ અંગે તેમણે વિગતે માહિતી આપી હતી. પ્રિસ્કૂલના શિક્ષકોએ પણ ઉત્સાહ સાથે આ વર્કશૉપમાં ભાગ લીધો હતો.

### સરકારી વિનયન કૉલેજ ખાતે

## મહિલા સંબંધિત કાયદા અંગે જાગૃતિ માટે વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૧૮

સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર ખાતે "ઈક્વલ ઓપર્ચ્યુનીટી સેલ" અંતર્ગત પેરાલીગલ એડવાઈઝર સુધીર દેસાઈનું મહિલા સંબંધિત કાયદાઓ અને જાગૃતિને અનુલક્ષીને વ્યાખ્યાન યોજાઇ ગયું. કાર્યક્રમમાં એડિશનલ જજ એમ કે કિકાણી, એડિશનલ જજ કે એમ ભટ્ટ, એડિશનલ જજ કે એસ મોદી ખાસ ઉપસ્થિત રહયા હતાં. પેરાલીગલ એડવાઈઝર જીગીશાબહેન ઉપાધ્યાયે પણ માર્ગદર્શન આપ્યું હતું,. વક્તા એ વિદ્યાર્થીઓને મહિલાઓ વિષયક કાયદાઓ વિશે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું. ઉપરાંત કાયદાઓ ઘણા છે પરંતુ તેમના વિષેની જાગૃતિ ખુબ ઓછી છે જે આપણું દુર્ભાગ્ય છે એ વાત પર ભાર આપ્યો હતો. જજ સાથે વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરવાનો સમય પણ આપવામાં આવ્યો હતો. વક્તાનું શાબ્દિક તેમજ પુસ્તકથી સ્વાગત કોલેજના પ્રિન્સિપાલ હિમ્મત ભાલોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં આઈ. કયુ. એ. સી. કન્વીનર પ્રા.ડો.નિયતી મીસ્ત્રી અને રૂસાના ચેરમેન રાહુલ ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડો.ચારુબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

### એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળામાં રૂબેલા રસી જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા-૧૭-૦૯-૨૦૧૮ને સોમવારના રોજ જે બાળકોએ રૂબેલા રસી અપાવી ન હતી તેવા બાળકોના વાલીઓમાં રૂબેલા રસી અંગે જે ડર હતો તે દૂર કરવા ગાંધીનગરના W.H.O.ના પર્સન ડો ચિરાગ સર દ્વારા પી.પી.ટી. દ્વારા વાલીઓને રૂબેલા રસીની કોઈ આડઅસર થતી નથી, તેની સંપૂર્ણ સમજણ આપી હતી. આ કાર્યક્રમ બાદ ઘણા વાલીઓએ પોતાના બાળકોને રૂબેલા રસી અપાવી હતી. ઉલ્લેખનીય છે કે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે અને હજુ તે અંગે વાલીઓમાં ઘણી સમસ્યાઓ છે, જેના નિરાકરણ માટે અને સૌ બાળકોને આ રસી મળી રહે તે માટે એસ જી સ્કૂલ દ્વારા આ નવતર પ્રયોગ કરાયો હતો, જેનાં સારાં પરિણામો પ્રાપ્ત થયાં હતાં.

# શિક્ષકની સાચી મૂડી તેમના વિદ્યાર્થીઓ જ છે

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના પરિવાર સાથે ગાંધીનગર અમદાવાદ, નડીયાદ, આણંદ, વડોદરા, સેલવાસ, મીઠાપુર અને જામનગર થી ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગુરુ શિષ્યની આત્મીયતા આદર અને સન્માન કાર્યક્રમ ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાઈ ગયો. તારીખ ૧૬ સપ્ટેમ્બરને રવિવારે સેક્ટર ૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે મેરે દોસ્ત શીર્ષક હેઠળ આયોજિત આ ગેટ-ટુ-ગેધર કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના પરિવાર સાથે ગાંધીનગર, અમદાવાદ, નડીયાદ, આણંદ, વડોદરા, સેલવાસ, મીઠાપુર અને જામનગરથી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે વંદનીય ગુરુજીઓ કૌશલ્યાબેન પરીખ, નલિનીબેન અમીન, કુમુદબેન મહેતા, ક્દ્વિજરહ્વરક્રૈ ક્દ્દિક્ક્ષ્ન, પોપટભાઈ સુથાર, અમૃતભાઈ પટેલ અને નટુભાઈ લાડાણી વિદ્યાર્થીઓ ને આશીર્વાદ આપવા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ અને મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વિદ્યાર્થીનીઓ દ્વારા જ પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતીય પરંપરા અનુસાર પધારેલા સર્વે ગુરુજનોનો અને વિદ્યાર્થીઓનું સ્વાગત નાની બાળાઓ કુમારી પિહુ સુશીલ અને કુમારી સાક્ષી પટેલ દ્વારા કંકુ તિલક થી કરવામાં આવ્યું હતું. શાબ્દિક સ્વાગત બાદ તમામ ગુરુજીઓને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુરુજીઓ પોતાના ઉદબોધન સમયે ખૂબ જ ભાવુક થઈ ગયા હતા. આટલાં વર્ષો પછી પણ શિષ્ય ગુરુજી ને યાદ કરે છે અને આટલું સન્માન આપે છે તે ખુબ જ સારી વાત છે. શિક્ષકની સાચી મૂડી જ તેના વિદ્યાર્થીઓ છે.

સમાજને સારા નાગરિકો ના ઘડતર ની કપરી જવાબદારી શિક્ષકના શિરે રહેલી છે. જે માટે શિક્ષક મીઠી કે તીખી ટકોર કરે છે ત્યારે વિદ્યાર્થીઓના આવનારા ભવિષ્યની સાચી



દિશા તરફની દોરવણી જ હોય છે. ગુરુજીના વ્યક્તવ્ય ને કારણે સમગ્ર હોલ જાણે વર્ગખંડ જેવો લાગતો હતો.

વિદ્યાર્થીઓની લાગણીને માન આપીને હાજર ગુરુજીએ પણ શાળા કાળના અભ્યાસની થોડી ઝલક પણ આપી હતી. હાજર વિદ્યાર્થીએ ક્રમાનુસાર પોતાનો પરિચય આપ્યો હતો અને શાળાજીવનના દિવસોને યાદ કરતા ક્યારેક હાસ્ય ફેલાવતા અને ક્યારેક ભાવુક પણ થઇ જતા હતા. વધુમાં પ્રત્યેક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે પોતાના સફળ જીવન માં ગુરુજી ઓનો મહત્તમ ફાળો રહેલો છે જે અમે કદાપિ ભૂલી શકીશું નહીં અમારે મન આજ પણ ગુરુજી એટલા જ વંદનીય છે જે વર્ષો પહેલા હતા. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.